GUJARAT EDUCATION TECHNOLOGIES
TECHNOLOGY DRIVEN LEARNING
ગુજરાત સરકારની કંપની

# ગુજરાત એજ્યુકેશન ટેક્નોલોજીસ લિમિટેડ

(CIN: U80903GJ2021SGC120988)

# ચોથો વાર્ષિક અહેવાલ

## ૨૦૨૪ - ૨૦૨૫

**નોંધાયેલી કચેરી:**
વિદ્યા સમીક્ષા કેન્દ્ર, સેક્ટર-૧૯, ગાંધીનગર, ગુજરાત - ૩૮૨૦૨૧

# G-SHALA

GUJARAT STUDENTS' HOLISTIC ADAPTIVE LEARNING APP




- વિજ્ઞાનના એનિમેશન સાથેના પ્રયોગો
- 2D/3D એનિમેશન સાથે તમામ વિષયોનું ઇ-કન્ટેન્ટ;
- બાળકના અભ્યાસ પર વાલીને રીયલટાઇમ માહિતી
- ગુજરાત બોર્ડ (GSHSEB) માન્ય અભ્યાસક્રમ
- અધ્યયન નિષ્પત્તિ આધારિત ઇ-કન્ટેન્ટ
- પ્રકરણ આધારિત ઇ-બુક્સ

GET IT ON Google Play

Scan to Install G-Shala App

# ગુજરાત એજ્યુકેશન ટેક્નોલોજીસ લિમિટેડ

**CIN: U80903GJ2021SGC120988**

GUJARAT EDUCATION TECHNOLOGIES

TECHNOLOGY DRIVEN LEARNING

Government of Gujarat Company

## ચોથો વાર્ષિક અહેવાલ

(૦૧/૦૪/૨૦૨૪ થી ૩૧/૦૩/૨૦૨૫ ના સમયગાળા માટે)

**૨૦૨૪-૨૫**

**: નોંધાયેલી કચેરી :**

**વિદ્યા સમીક્ષા કેન્દ્ર, સેક્ટર-૧૯, ગાંધીનગર,**

**ગુજરાત-૩૮૨૦૨૧**

GCPG-Y-809-02-12-2025-DTP-2

# ગુજરાત એજ્યુકેશન ટેક્નોલોજીસ લિમિટેડ

## (CIN: U80903GJ2021SGC120988)

## અનુક્રમણિકા


| ક્રમ | વિગત | પાના ક્રમાંક |
|---|---|---|
| ૧. | કોર્પોરેટ માહિતી | ૧ |
| ૨. | ચોથી વાર્ષિક સાધારણ સભાની બેઠકના આયોજન અંગેની નિવિદા | ૩ - ૬ |
| ૩. | બોર્ડ અહેવાલ | ૭ - ૧૪ |
| ૪. | C&AG રિપોર્ટ | ૧૫ - ૧૬ |
| ૫. | સ્વતંત્ર ઓડિટરનો અહેવાલ | ૧૭ - ૨૪ |
| ૬. | સરવૈયું | ૨૫ - ૨૬ |
| ૭. | નફો અને નુકસાન ખાતું | ૨૭ - ૨૯ |
| ૮. | નાણાંકીય વિગતો અંગેની નોંધ | ૩૦ - ૪૩ |
| ૯. | પ્રોક્સી (MGT-11) | ૪૪ |
| ૧૦. | હાજરીપત્રક | ૪૫ |
| ૧૧. | ટૂંકી નિવિદા ફોર્મ | ૪૬ |

# કોર્પોરેટ માહિતી

## (A) નિયામક મંડળ (૨૯મી સપ્ટેમ્બર, ૨૦૨૫ મુજબ):

| ક્રમ | ડિરક્ટરનું નામ | હોદ્દો |
|---|---|---|
| ૧. | **શ્રી મુકેશ કુમાર, IAS**<br>અગ્રસચિવ, (પ્રાથમિક અને માધ્યમિક શિક્ષણ),<br>શિક્ષણ વિભાગ, ગુજરાત સરકાર | **ચેરમેન** |
| ૨. | **શ્રી રંજીથકુમાર જે., IAS**<br>સ્ટેટ પ્રોજેક્ટ ડાયરેક્ટર, સમગ્ર શિક્ષા,<br>ગુજરાત સરકાર | **મેનેજિંગ ડિરેક્ટર** |
| ૩. | **શ્રીમતી અંકિતાબેન સંગાડા**<br>નાણાંકીય સલાહકાર, શિક્ષણ વિભાગ,<br>ગુજરાત સરકાર | **ડિરેક્ટર** |
| ૪. | **શ્રી મહેશકુમાર આઈ. જોશી**<br>નિયામક, પ્રાથમિક શિક્ષણ નિયામકની કચેરી,<br>ગુજરાત સરકાર | **ડિરેક્ટર** |
| ૫. | **શ્રી પ્રકાશ ત્રિવેદી,**<br>નિયામક, ગુજરાત શૈક્ષણિક સંશોધન અને તાલીમ પરિષદ,<br>ગુજરાત સરકાર | **ડિરેક્ટર** |

**<u>વૈધાનિક ઓડિટર્સ :</u>**

મેસર્સ સુરેશ આર. શાહ એન્ડ એસોસિએટ્સ,

ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ્સ,

ગાંધીનગર

**<u>બેંકર્સ :</u>**

ઇન્ડિયન બેંક,

સેક્ટર -૨૧, ગાંધીનગર

**<u>નોંધાયેલી કચેરી :</u>**

વિદ્યા સમીક્ષા કેન્દ્ર,

સેક્ટર-૧૯, ગાંધીનગર,

ગુજરાત-૩૮૨૦૨૧

GUJARAT EDUCATION TECHNOLOGIES
TECHNOLOGY DRIVEN LEARNING
Government of Gujarat Company
CIN: U80903GJ2021SGC120988

# ગુજરાત એજ્યુકેશન ટેક્નોલોજીસ લિમિટેડ

રજિસ્ટર્ડ ઓફિસ: વિદ્યા સમીક્ષા કેન્દ્ર, ઇન્કવાયરી ઓફિસ પાસે, સેક્ટર-૧૯,
ગાંધીનગર, ગુજરાત-૩૮૨૦૨૧. રાજ્ય: ગુજરાત

મોબાઇલ નં. 9825212021
ઇ-મેઇલ - getgujarat@gmail.com
વેબસાઇટ : www.getgujarat.in

તારીખ: ૨૦/૦૯/૨૦૨૫

## સભ્યશ્રીઓ માટેની નિવિદા

**આથી સૂચિત કરવામાં આવે છે કે** ગુજરાત એજ્યુકેશન ટેક્નોલોજીસ લિમિટેડ (જીઈટી) ના સભ્યોની ચોથી વાર્ષિક સાધારણ સભાની બેઠક મંગળવાર, ૨૬મી સપ્ટેમ્બર, ૨૦૨૫ ના રોજ સાંજે ૦૪:૪૫ વાગ્યે વિદ્યા સમીક્ષા કેન્દ્ર, ઇન્કવાયરી ઓફિસ પાસે, સેક્ટર-૧૯, ગાંધીનગર ખાતે નીચેના એજન્ડા પર કાર્યવાહી માટે યોજાનાર છે:

**સાધારણ એજન્ડા:**

૧. ૩૧મી માર્ચ, ૨૦૨૫ના રોજ પૂરા થયેલા નાણાંકીય વર્ષ માટે કંપનીનું ઓડિટ થયેલ નાણાંકીય વિવરણ (Standalone), ૦૧/૦૪/૨૦૨૪ થી ૩૧/૦૩/૨૦૨૫ ના સમયગાળા માટે બોર્ડ ઓફ ડિરેક્ટર્સ, ઓડિટર અને C&AG તરફથી મળેલ અહેવાલો સાથે સ્વીકારવું.

૨. નાણાંકીય વર્ષ ૨૦૨૫-૨૬ માટે, C&AG દ્વારા નિયુક્ત કરાયેલ કંપનીના સ્ટેચ્યુટરી ઓડિટર્સના મહેનતાણા પર વિચાર કરીને મહેનતાણું નિયત કરવું.

**ગુજરાત એજ્યુકેશન ટેક્નોલોજીસ લિમિટેડ (જીઈટી) ના**
**બોર્ડ ઓફ ડિરેક્ટર્સ વતી**

**સહી/-**
**રંજીથકુમાર જે., IAS**
**મેનેજિંગ ડિરેક્ટર**
**(DIN: 06547918)**

**તારીખ: ૨૦/૦૯/૨૦૨૫**
**સ્થળ: ગાંધીનગર**

**નોંધ :-**

૧. બેઠકમાં રજૂ થનાર વિશેષ એજન્ડાના સંદર્ભમાં કંપની એક્ટ, ૨૦૧૩ ની કલમ ૧૦૨(૧) અનુસાર સંબંધિત સ્પષ્ટીકરણ નિવેદન આ સાથે જોડવામાં આવ્યાં છે, જે આ નિવિદાનો એક ભાગ છે.

૨. હાજરી આપવા અને મત આપવા માટે હકદાર સભ્ય પોતાને બદલે મતદાનમાં હાજરી આપવા અને મત આપવા માટે પ્રોક્સીની નિમણૂંક કરવાનો હકદાર છે અને પ્રોક્સી કંપનીનો સભ્ય હોવો જરૂરી નથી. બેઠકની અસરકારકતા માટે પ્રોક્સીની વિગતો બેઠકના અડતાલીસ (૪૮) કલાક પહેલાં કંપનીને મળી જવી જોઈએ. લિમિટેડ કંપનીઓ, સોસાયટીઓ, વગેરે વતી રજૂ કરાયેલ પ્રોક્સીની વિગતો, સંબંધિત યોગ્ય ઠરાવો/સત્તામંડળ દ્વારા અધિકુત કરેલ હોવા જોઈએ.

૩. સભ્યોને વિનંતી છે કે તેઓ બેઠકમાં યોગ્ય રીતે ભરેલી અને સહી કરેલી હાજરીની સ્લિપ લાવે, જેમાં વિગતોનો ઉલ્લેખ હોય.

૪. જો સંયુક્ત ધારકો સભામાં હાજરી આપતા હોય, તો ફક્ત એવા સંયુક્ત ધારકો કે જેમનું નામ ક્રમમાં ઉપર હોય તેઓ જ સભામાં મતદાન કરી શકશે.

૫. નિવિદા સાથેની સૂચના અને સમજૂતી માટેના નિવેદનોમાં ઉલ્લેખિત સંબંધિત ડોક્યુમેન્ટ સભાની તારીખ સુધીના તમામ કાર્યકારી દિવસો દરમિયાન કંપનીની રજિસ્ટર્ડ ઓફિસમાં સભ્યો દ્વારા નિરીક્ષણ માટે ઉપલબ્ધ રહેશે.

૬. હિસાબો સંબંધિત કોઈપણ માહિતી મેળવવા માંગતા સભ્યોને વિનંતી છે કે તેઓ કંપનીને વહેલી તકે પત્ર લખે, જેથી મેનેજમેન્ટ બેઠકમાં માહિતી તૈયાર રાખી શકે.

૭. ઉપરોક્ત મુદ્દા (૧ અને ૨) (પરિશિષ્ટ-A) માટેની સમજૂતી નિવિદાના ભાગ રૂપે આ સાથે જોડવામાં આવી છે.

# પરિશિષ્ટ-A

## સાધારણ એજન્ડા અંગે સમજૂતી

**મુદ્દા ક્રમાંક. ૧:**

**૩૧મી માર્ચ, ૨૦૨૫ના રોજ પૂરા થયેલા નાણાંકીય વર્ષ માટે કંપનીનું ઓડિટ થયેલ નાણાંકીય વિવરણ (Standalone), ૦૧/૦૪/૨૦૨૪ થી ૩૧/૦૩/૨૦૨૫ ના સમયગાળા માટે બોર્ડ ઓફ ડિરેક્ટર્સ, ઓડિટર અને C&AG તરફથી મળેલ અહેવાલો સાથે સ્વીકારવું:**

કંપની અધિનિયમ, ૨૦૧૩ની કલમ ૧૨૯ ની જોગવાઈ કલમ ૧૩૪ સાથે વંચાણે લેતાં, નાણાંકીય વર્ષ ૨૦૨૪-૨૫ માટે ઓડિટ થયેલા નાણાંકીય વિવરણ C&AG ના અહેવાલ સાથે કંપનીના સભ્યો/શેરધારકોની સમક્ષ ૩૦મી સપ્ટેમ્બર, ૨૦૨૫ના રોજ અથવા તે પહેલાં રજૂ કરવાના હતા. આ વાર્ષિક સાધારણ સભામાં, કંપનીએ નાણાંકીય વર્ષ ૨૦૨૪-૨૫ માટે સ્ટેચ્યુટરી ઓડિટર્સ, C&AG, ડિરેક્ટર્સના અહેવાલો સાથે વાર્ષિક નાણાંકીય વિવરણની વિગતો રજૂ કરવાની રહે છે.

નાણાંકીય વર્ષ ૨૦૨૪-૨૫ માટેના હિસાબોનું ઓડિટ સ્ટેચ્યુટરી ઓડિટર્સ દ્વારા કરવામાં આવે છે અને તા.૨૨/૦૭/૨૦૨૫ ના રોજ યોજાયેલી ૧૬મી બોર્ડ બેઠકમાં મંજૂરી આપવામાં આવેલ છે. ત્યારબાદ, ઓડિટ કરાયેલા હિસાબો અને સ્ટેચ્યુટરી ઓડિટર્સના અહેવાલને C&AG ને સુપરત કરવામાં આવ્યા હતા.

હવે, GET ને ૩૧મી માર્ચ, ૨૦૨૫ ના રોજ પૂરા થતા નાણાંકીય વર્ષ માટેના નાણાંકીય હિસાબો પર C&AG તરફથી C&AG પત્રક્રમાંક: TAKANIKI SAHAYOG CELL/S-2/ACCOUNTS/GETL/ 2024-25/OW. No. 90 તા. 16/09/2025 થી "Non-Review Certificate" પ્રાપ્ત થયું છે.

તેથી, નીચેના ઠરાવને સાધારણ ઠરાવ તરીકે ધ્યાનમાં લેવા સભ્યોને વિનંતી કરવામાં આવે છે, અને યોગ્ય લાગે તો સુધારા સાથે/વગર ઠરાવ પસાર કરીએ:

**પ્રસ્તાવિત ઠરાવ:**

"આથી ઠરાવ કરવામાં આવે છે કે ૩૧મી માર્ચ, ૨૦૨૫ના રોજ પૂર્ણ થયેલ વર્ષ માટે કંપનીના ઓડિટ થયેલ નાણાંકીય હિસાબો (Standalone), એટલે કે ૩૧મી માર્ચ, ૨૦૨૫ની સ્થિતિએ સરવૈયું, નાણાંકીય ૦૧/૦૪/૨૦૨૪ થી ૩૧/૦૩/૨૦૨૫ ના સમયગાળાનું નફો અને નુકસાન ખાતું, મહત્વની હિસાબી નીતિઓ, જોગવાઇઓ અને હિસાબોની નોંધો, બોર્ડના અહેવાલ, સ્ટેચ્યુટરી ઓડિટર્સનો અહેવાલ અને ભારતના કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલના અહેવાલ સાથે, ધ્યાને લઇને સ્વીકૃતિ આપવામાં આવે છે."

"વધુમાં, આથી ઠરાવવામાં આવે છે કે MCA સમક્ષ ઓનલાઇન નાણાંકીય વિવરણ ફાઇલ કરવા માટે તેમજ વિધાનસભામાં રજૂ કરવાનો થતો નાણાંકીય વર્ષ ૨૦૨૪-૨૫ નો વાર્ષિક અહેવાલ રજૂ કરવા માટે મેનેજિંગ ડિરેક્ટરને આથી અધિકૃત કરવામાં આવે છે."

**મુદ્દા ક્રમાંક. ૨:**

**નાણાંકીય વર્ષ ૨૦૨૪-૨૫ માટે, C&AG દ્વારા નિયુક્ત કરાયેલ કંપનીના સ્ટેચ્યુટરી ઓડિટર્સના મહેનતાણા પર વિચાર કરીને મહેનતાણું નિયત કરવું:**

કંપની અધિનિયમ, ૨૦૧૩ની કલમ ૧૩૯ ની જોગવાઈ મુજબ, C&AG દ્વારા પત્ર ક્રમાંક : CA.V/COY/GUJARAT, GETL (1)/400 તારીખ:૧૦/૦૯/૨૦૨૫ થી મેસર્સ સુરેશ આર શાહ એન્ડ એસોસિએટ્સ (WR1136), ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ્સ, અમદાવાદને નાણાંકીય વર્ષ ૨૦૨૫-૨૬ માટે સ્ટેચ્યુટરી ઓડિટર તરીકે નિયુક્ત કરવામાં આવેલ.

સભ્યોને આ અંગે યોગ્ય નિર્ણય લેવા વિનંતી કરવામાં આવે છે અને જો યોગ્ય લાગે તો, નીચેના ઠરાવને સુધારા સાથે અથવા વગર સાધારણ ઠરાવ તરીકે પસાર કરીએ:

**પ્રસ્તાવિત ઠરાવ:**

"આથી ઠરાવ કરવામાં આવે છે કે C&AG ના પત્રક્રમાંક: CA.V/COY/GUJARAT, GETL (1)/400 તારીખ ૧૦/૦૯/૨૦૨૫ મુજબ મેસર્સ સુરેશ આર શાહ એન્ડ એસોસિએટ્સ (WR1136), ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ્સ, અમદાવાદની નાણાંકીય વર્ષ ૨૦૨૫-૨૬ માટે સ્ટેચ્યુટરી ઓડિટર તરીકે કરાયેલ નિમણૂંકની સભ્યો નોંધ લે છે. અને નાણાંકીય વર્ષ ૨૦૨૫-૨૬ માટે રૂા.૨૦,૦૦૦/- વત્તા GST અને ખરેખર થયેલ out of pocket expenses સાથેના મહેનતાણાને આથી મંજુરી આપવામાં આવે છે"

**ગુજરાત એજ્યુકેશન ટેક્નોલોજીસ લિમિટેડ (જીઈટી)ના**
**બોર્ડ ઓફ ડિરેક્ટર્સ વતી**

**સહી/-**
**રંજીથકુમાર જે., IAS**
**મેનેજિંગ ડિરેક્ટર**
**(DIN: 06547918)**

**તારીખ: ૨૦/૦૯/૨૦૨૫**
**સ્થળ: ગાંધીનગર**

# ગુજરાત એજ્યુકેશન ટેક્નોલોજીસ લિમિટેડ

**(CIN: U80903GJ2021SGC120988)**

## બોર્ડ અહેવાલ

પ્રતિ,

સભ્યશ્રીઓ,

૩૧મી માર્ચ, ૨૦૨૫ ના રોજ પૂર્ણ થયેલ નાણાંકીય વર્ષ માટે કંપનીના બિઝનેસ અને ઓપરેશન તેમજ હિસાબો અંગેનો ચોથો વાર્ષિક અહેવાલ રજૂ કરતા ડિરેક્ટર્સ આનંદ અનુભવે છે.

**૧. કંપનીની રચના :**

ગુજરાત એજ્યુકેશન ટેક્નોલોજીસ લિમિટેડ (જીઈટી) ની સ્થાપના ૯મી માર્ચ, ૨૦૨૧ના રોજ ગુજરાત સરકારના ૧૦૦% હિસ્સા સાથે ટેકનોલોજી આધારિત ઈલર્નિંગ સિસ્ટમ-સ્થાપિત કરવા તેમજ ટેક્નોલોજી અને ઈ-કન્ટેન્ટ પ્રોવાઈડર્સની મદદ, સહયોગ અને ભાગીદારી સાથે ગુણવત્તાયુક્ત ઈ-કન્ટેન્ટ પુરા અને પોસાય તેવા ભાવે ઓનલાઈન શિક્ષણ પ્રણાલી માટે માળખું રચવા માટે કરવામાં આવી હતી.

**૨. કંપનીનો નાણાંકીય સારાંશ અથવા વિશેષ મુદ્દાઓ/પ્રદર્શન (Stand-alone) :**

બોર્ડ અહેવાલ કંપનીના નાણાંકીય હિસાબોના વિવરણના આધારે તૈયાર કરવામાં આવેલ છે.

(રકમ '૦૦૦માં)

| વિગત | નાણાંકીય વર્ષ ૨૦૨૪-૨૫ | નાણાંકીય વર્ષ ૨૦૨૩-૨૪ |
|---|---|---|
| કંપની ઓપરેશનથી થયેલ આવક (A) | 77.117 | 76.69 |
| અન્ય આવક (B) | 4718.090 | 3,832.27 |
| **કુલ આવક (A) + (B)** | **4,795.207** | **3,908.96** |
| કુલ ખર્ચ | 1061.756 | 769.611 |
| ટેક્સ પહેલા નફો/નુકશાન (+/-) | **3733.451** | **3139.360** |
| ટેક્સ અંગે ખર્ચ | 997.445 | 835.256 |
| વર્ષ માટે નફો/નુકશાન (+/-) | **2736.006** | **2,304.10** |
| શેર દીઠ કમાણી/નુકશાન બેઝિક/ ડાયલ્યુટેડ (+/-) | **273.601** | **230.41** |

**૩. વર્ષ દરમિયાન થયેલ કામગીરીની વિગતો:**

૩૧મી માર્ચ, ૨૦૨૫ ના રોજ પૂર્ણ થતાં ચોથા નાણાંકીય વર્ષ દરમિયાન થયેલ કામગીરીની વિગતો નીચે મુજબ છે:

ગુજરાત એજ્યુકેશન ટેક્નોલોજીસ લિમિટેડ (GET) એ કંપની અધિનિયમ, ૨૦૧૩ ની જોગવાઈઓ હેઠળ રચાયેલ કંપની છે અને ગુજરાત સરકારના શિક્ષણ વિભાગ દ્વારા ગુજરાતની શાળાઓમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓને ઉચ્ચ ગુણવત્તાની ઈ-લર્નિંગ સામગ્રી પૂરી પાડવાના ઉદ્દેશ્ય સાથે તેની સ્થાપના કરવામાં આવી છે. વર્ષ ૨૦૨૧-૨૨ દરમિયાન, GET એ સમગ્ર શાળાકીય શિક્ષણ વ્યવસ્થા માટે એટલે કે ધોરણ ૧ થી ૧૨ ના ઈ-કન્ટેન્ટ સાથે લર્નિંગ મેનેજમેન્ટ સિસ્ટમ (LMS); Gujarat Students' Holistic & Adaptive Learning App (G-Shala) વિકસાવીને સમગ્ર ગુજરાતમાં વિદ્યાર્થીઓને ગુણવત્તાયુક્ત ઈ-કન્ટેન્ટ અથવા ડિજિટલ લર્નિંગ સોલ્યુશન પ્રદાન કરવા; સરકારી શાળાઓમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓ માટે વિનામૂલ્યે અને સરકારી શાળાઓ સિવાયની અન્ય શાળાઓમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓ માટે નજીવા શુલ્ક પર પૂરી પાડેલ છે. માનનીય મુખ્યમંત્રીશ્રી, ગુજરાત રાજ્યના વરદ્

હસ્તે G-Shala નો શુભારંભ કરવામાં આવ્યો હતો. શુભારંભના ૩-૪ મહિનાની અંદર G-Shala માટે ૩૧ લાખથી વધુ યુઝર્સ નોંધાયા છે. G-Shala એનિમેટેડ વિડીયો (2D અને/અથવા 3D), સંદર્ભ/પૂરક કન્ટેન્ટ, કન્ટેન્ટનું LO આધારિત મેપિંગ, ઇન્ટરેક્ટિવ કન્ટેન્ટ, પ્રયોગશાળા/પ્રયોગાત્મક સિમ્યુલેશન્સ, શિક્ષકો માટે વર્ગખંડ સજ્જતા મોડ્યુલ, શિક્ષક કેન્દ્રિત તેમજ સ્વ-અધ્યયન વિડીયો અને વિદ્યાર્થીઓ સ્વતંત્ર રીતે અભ્યાસ કરી શકે તે માટે સ્વ-મૂલ્યાંકન મોડ્યુલ ધરાવે છે, આ ઉપરાંત કોઇ પણ પ્લેટફોર્મ અને ડિવાઇસ પર ઉપયોગ કરી શકાય તે રીતે તેયાર કરાયેલ છે. તે ડેશબોર્ડ અને એમઆઈએસ રિપોર્ટ્સ પણ પૂરા પાડે છે જે કન્ટેન્ટના ઉપયોગનું નિરીક્ષણ અને ટ્રેકિંગ તેમજ દરેક વિદ્યાર્થીના વ્યક્તિગત શૈક્ષણિક સ્તર જાણવામાં સક્ષમ કરે છે.

પોતાની આંતરિક IT ક્ષમતાઓને મજબૂત બનાવવા માટે, GET એ ઓપન ટેન્ડરિંગ પ્રક્રિયા દ્વારા સોફ્ટવેર ડેવલપમેન્ટ એજન્સીઓનું એમ્પેનલમેન્ટ પૂર્ણ કર્યું છે. આ એમ્પેનલમેન્ટ GET ને ડિજિટલ સોલ્યુશન્સ માટેની વિભાગીય વિનંતીઓનો વધુ કાર્યક્ષમ રીતે પ્રતિભાવ આપવા સક્ષમ બનાવશે.

વર્ષ દરમિયાન, GET એ મુખ્ય શિક્ષણ યોજનાઓ અને કાર્યક્રમોને સમર્થન આપવા માટે ઘણા મુખ્ય વેબ પોર્ટલ સફળતાપૂર્વક ડિઝાઇન કરીને વિકસાવ્યા છે. આમાં શ્રેષ્ઠ શાળાની પસંદગી માટે વેબ પોર્ટલ, નમો લક્ષ્મી અને નમો સરસ્વતી શિષ્યવૃત્તિ યોજનાઓનો અમલ, અને જ્ઞાન શક્તિ શાળાઓ, રક્ષા શક્તિ શાળાઓ અને મુખ્યમંત્રી જ્ઞાન સેતુ યોજના જેવી યોજનાઓ સંબંધિત કોમન એન્ટ્રન્સ ટેસ્ટનો સમાવેશ થાય છે. વિકસાવવામાં આવેલા વધારાના પ્લેટફોર્મમાં મુખ્યમંત્રી જ્ઞાન સાધના મેરિટ સ્કોલરશિપ પોર્ટલ અને ઓનલાઇન વર્ગખંડ માંગણી સિસ્ટમનો સમાવેશ થાય છે. આ પ્રયાસો સમગ્ર ગુજરાતમાં શૈક્ષણિક સેવાઓના વિકાસમાં ટેકનોલોજીનો લાભ લેવા માટે GET ની પ્રતિબદ્ધતાને રેખાંકિત કરે છે.

## ૪. કંપનીના વ્યવસાયની પ્રકૃતિમાં ફેરફાર, જો કોઈ હોય તો:

વર્ષ દરમિયાન કંપનીના વ્યવસાયની પ્રકૃતિમાં કોઈ ફેરફાર થયો નથી.

## ૫. ડિવિડન્ડ:

કંપનીના ડિરેક્ટર્સ ૩૧મી માર્ચ, ૨૦૨૫ ના રોજ પૂર્ણ થયેલ વર્ષ માટે કોઈ ડિવિડન્ડની ભલામણ કરતા નથી.

## ૬. અનામત ભંડોળ:

સમીક્ષા હેઠળના વર્ષ દરમિયાન, કંપનીએ રૂા.૨૭.૩૬ લાખનો નફો મેળવ્યો છે. નફાની સંપૂર્ણ રકમ અનામત ભંડોળ અને સરપ્લસ એકાઉન્ટ હેડ હેઠળ દર્શાવવામાં આવી છે.

## ૭. શેર મૂડી:

કંપનીની અધિકૃત શેર મૂડી રૂા.૧૦,૦૦,૦૦૦/- (રૂપિયા દસ લાખ) ને દરેક શેરના રૂા.૧૦/-લેખે કુલ ૧,૦૦,૦૦૦/- (એક લાખ) ઈક્વિટી શેરમાં વિભાજિત કરીને કંપનીની જારી, સબસ્ક્રાઇબ કરેલ અને ચૂકવેલ શેર મૂડી રૂા.૧,૦૦,૦૦૦ (રૂપિયા એક લાખ) ને દરેક શેરના રૂા.૧૦/-લેખે કુલ ૧૦,૦૦૦/- (દસ હજાર) ઈક્વિટી શેરમાં ૩૧મી માર્ચ, ૨૦૨૫ ના રોજ વિભાજિત કરવામાં આવેલ છે.

## ૮. ડિરેક્ટર્સ અને મુખ્ય વ્યવસ્થાપક કર્મચારી:

૦૧/૦૪/૨૦૨૪ થી અહેવાલની તારીખ સુધી, સમયાંતરે રાજ્ય સરકારના આદેશો અનુસાર બોર્ડ ઓફ ડિરેક્ટર્સમાં જે ફેરફારો થયા છે તે પરિશિષ્ટ-A પર સામેલ રાખવામાં આવ્યા છે.

## ૯. કર્મચારીઓની વિગતો:

સમીક્ષા હેઠળના સમયગાળા દરમિયાન કંપની પાસે કંપની અધિનિયમ, ૨૦૧૩ ની કલમ ૧૯૭ હેઠળ, કંપની (વ્યવસ્થાપક કર્મચારીઓ નિમણૂંક અને મહેનતાણું) નિયમો, ૨૦૧૪ સાથે વાંચવામાં આવેલ નિર્ધારિત મર્યાદા કરતાં વધુ મહેનતાણું પ્રાપ્ત કરનાર કોઈ કર્મચારી ન હતો.

## ૧૦. બેઠકો:

વર્ષ દરમિયાન બોલાવેલી અને યોજાયેલી બોર્ડ બેઠકોની વિગતો નીચે મુજબ છે.

| બોર્ડ બેઠક | તારીખ |
|---|---|
| બારમી બોર્ડ બેઠક | ૨૯/૦૬/૨૦૨૪ |
| તેરમી બોર્ડ બેઠક | ૩૦/૦૯/૨૦૨૪ |
| ચૌદમી બોર્ડ બેઠક | ૨૪/૧૨/૨૦૨૪ |
| પંદરમી બોર્ડ બેઠક | ૨૭/૦૩/૨૦૨૫ |

## ૧૧. સમિતિઓ:

### (A) જાતીય સતામણી સંદર્ભમાં આંતરિક સમિતિ

જાતીય સતામણી સંદર્ભમાં આંતરિક સમિતિ GET દ્વારા રચવામાં આવી છે.

ઓડિટ કમિટી, નોમિનેશન અને મહેનતાણા કમિટી અને કોર્પોરેટ સામાજિક જવાબદારી કમિટી માટે કંપની એક્ટ, ૨૦૧૩ ની જોગવાઈઓ તમારી કંપનીને લાગુ પડતી નથી.

## ૧૨. બોર્ડ મૂલ્યાંકન:

બોર્ડ ઓફ ડિરેક્ટર્સની નિમણૂંકો/નોમિનેશન રાજ્ય સરકાર દ્વારા કરવામાં આવે છે. કોર્પોરેટ બાબતોના મંત્રાલય, ભારત સરકારની તારીખ ૦૫/૦૬/૨૦૧૫ની સૂચના મુજબ, સરકારી કંપનીઓને કંપની અધિનિયમ, ૨૦૧૩ની કલમ ૧૩૪ ની પેટા કલમ ૩ની શરત (p) ની જોગવાઈમાંથી મુક્તિ આપવામાં આવી છે. તમારી કંપની સરકારી કંપની હોવાને કારણે, બોર્ડ મૂલ્યાંકનને લગતી જોગવાઈ લાગુ પડતી નથી.

## ૧૩. ઓડિટર અને C&AG અહેવાલ:

### (A) ઓડિટર્સનો અહેવાલ:

મેસર્સ સુરેશ આર શાહ એન્ડ એસોસિએટ્સ, ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ, અમદાવાદને ભારતના કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલ દ્વારા નાણાંકીય વર્ષ ૨૦૨૪-૨૫ માટે કંપનીના સ્ટેચ્યુટરી ઓડિટર તરીકે નિયુક્ત કરવામાં આવ્યા હતા. સ્ટેચ્યુટરી ઓડિટર્સે નાણાંકીય વર્ષ ૨૦૨૪-૨૫ માટે કંપનીના નાણાંકીય હિસાબો પર તેમનો અહેવાલ આપ્યો છે. સ્ટેચ્યુટરી ઓડિટર્સ રિપોર્ટમાં કોઈ નોંધનીય અથવા પ્રતિકૂળ ટિપ્પણીઓ નથી.

### (B) C & AG અહેવાલ/ટીપ્પણીઓ:

કંપનીને હજુ સુધી C&AG તરફથી કંપનીના નાણાંકીય વર્ષ 2024-25 માટેના નાણાંકીય વિવરણ પરનો અહેવાલ મળ્યો નથી. C&AG ની યોગ્યતાઓ અથવા અવલોકનો, જો કોઈ હોય તો, મેનેજમેન્ટ દ્વારા જવાબ આપવામાં આવશે અને બોર્ડના અહેવાલમાં ઉમેરા તરીકે ઉમેરવામાં આવશે.

## ૧૪. જોખમ વ્યવસ્થાપન નીતિ:

કંપનીએ કોઈપણ જોખમ વ્યવસ્થાપન નીતિનો અમલ કર્યો નથી કારણ કે કંપનીની કામગીરીમાં કોઈ ઉત્પાદન અથવા બાંધકામ સંબંધિત પ્રવૃત્તિઓ સામેલ નથી.

## ૧૫. વાર્ષિક વળતરનો સારાંશ:

કંપની અધિનિયમ, ૨૦૧૩ ની કલમ ૯૨(૩) ની જોગવાઈ મુજબ, કંપની (સંચાલન અને વહીવટ) નિયમો, ૨૦૧૪ ના નિયમ ૧૨(૧) સાથે વંચાણે લેતાં, કંપનીની વેબસાઇટ પર વાર્ષિક વળતર મૂકવામાં આવશે. જેની વેબલિંક **https://getgujarat.in** છે.

**૧૬. કંપનીની નાણાંકીય સ્થિતિને અસર કરતા ભૌતિક ફેરફારો અને પ્રતિબદ્ધતાઓ:**

પ્રોજેક્ટ ખર્ચમાં ફેરફાર સિવાય સમીક્ષા હેઠળના વર્ષ દરમિયાન કંપનીની નાણાંકીય સ્થિતિને અસર કરતા કોઈ ભૌતિક ફેરફારો અને પ્રતિબદ્ધતાઓ નથી.

**૧૭. નિયમનકારો અથવા અદાલતો અથવા ટ્રિબ્યુનલ્સ દ્વારા કંપની હિતને અસર કરતા પસાર કરવામાં આવેલા નોંધપાત્ર અને ભૌતિક આદેશો:**

વર્ષ દરમિયાન નિયમનકારો અથવા અદાલતો અથવા ટ્રિબ્યુનલ્સ દ્વારા ભવિષ્યમાં કંપનીના હિત અને કામગીરીને અસર કરતા કોઈ મહત્વપૂર્ણ અને ભૌતિક આદેશો પસાર કરવામાં આવ્યા નથી.

**૧૮. કલમ ૧૮૬ હેઠળ કંપની દ્વારા લેવામાં આવેલ લોન, ગેરંટી અથવા રોકાણની વિગતો:**

લોનની વિગતો : NIL

રોકાણોની વિગતો : NIL

પૂરી પાડવામાં આવેલ ગેરેંટી/સુરક્ષાની વિગતો : NIL

**૧૯ નાદારી અને ફડચા કોડ ૨૦૧૬ હેઠળ કરવામાં આવેલી અરજી અથવા કાર્યવાહીની વિગતો:**

સમીક્ષા હેઠળના સમયગાળા દરમિયાન, નાદારી ફડચા સંહિતા, ૨૦૧૬ હેઠળ કંપનીના નામ પર કોઈ અરજીઓ અથવા કાર્યવાહી બાકી ન હતી.

**૨૦. થાપણોની વિગતો :**

સમીક્ષા હેઠળના વર્ષ દરમિયાન, તમારી કંપનીએ કંપની નિયમો (થાપણોની સ્વીકૃતિ), ૨૦૧૪ સાથે વંચાણે લીધેલ કંપની અધિનિયમ, ૨૦૧૩ ની કલમ ૭૩ ની મર્યાદામાં આવતી કોઈપણ થાપણો સ્વીકારી નથી.

**૨૧. સંબંધિત પક્ષકારો સાથેના કરારો અથવા વ્યવસ્થાની વિગતો**:

નાણાંકીય વર્ષ ૨૦૨૪-૨૫ દરમિયાન કંપની અધિનિયમ, ૨૦૧૩ ની કલમ ૧૮૮ની પેટા-કલમ(૧) માં ઉલ્લેખિત સંબંધિત પક્ષકારો સાથે કંપની દ્વારા કરાયેલા દરેક કરાર અથવા વ્યવસ્થાની વિગતો NIL છે.

**૨૨. ઊર્જા સંરક્ષણ, ટેકનોલોજી સ્વીકાર અને વિદેશી વિનિમયથી થયેલ આવક અને જાવક:**

ઊર્જા સંરક્ષણ, ટેક્નોલોજી સ્વીકાર અને વિદેશી વિનિમયથી થયેલ આવક અને જાવકની વિગતો પરિશિષ્ટ-B પર સામેલ રાખવામાં આવી છે.

**૨૩. કોર્પોરેટ સામાજિક જવાબદારી (CSR):**

કંપની અધિનિયમ, ૨૦૧૩ની કલમ ૧૩૫ની જોગવાઈઓ અને કોર્પોરેટ સામાજિક જવાબદારી સંબંધિત નિયમો. તમારી કંપનીને લાગુ પડતા નથી.

**૨૪. સચિવાલય ઓડિટ અહેવાલ:**

કંપની અધિનિયમ, ૨૦૧૩ની જરૂરિયાતો અનુસાર પ્રેક્ટિસિંગ કંપની સેક્રેટરીઓ દ્વારા સેક્રેટરીયલ ઓડિટની જોગવાઈઓ તમારી કંપનીને લાગુ પડતી નથી.

**૨૫. ડિરેક્ટરની જવાબદારીનું નિવેદન:**

કંપની અધિનિયમ, ૨૦૧૩ ની કલમ ૧૩૪ ની પેટા-કલમ (૩)ની (c) ઉલ્લેખિત ડિરેક્ટર્સની જવાબદારીનું નિવેદન આ મુજબ છે.

a) વાર્ષિક હિસાબોની તૈયારીમાં, લાગુ પડતા હિસાબી ધોરણોનું પાલન કરવામાં અને હાલના ધારાધોરણોમાં ફેરફાર સંબંધિત યોગ્ય સમજૂતી સાથે;

b) ડિરેક્ટરોએ એવી હિસાબી નીતિઓ પસંદ કરી હતી અને તેને સતત લાગુ કરી હતી તેમજ વ્યાજબી અને સમજદાર એવા નિર્ણયો અને અંદાજો તૈયાર કર્યા હતા જેથી નાણાંકીય વર્ષના અંતે તે સમયગાળા માટે કંપનીનો નફો અને નુકસાન સહિત કંપનીની સ્થિતિનો સાચો અને ન્યાયી દૃષ્ટિકોણ મળી શકે;

c) ડિરેક્ટરોએ કંપનીની મૂડીની સુરક્ષા માટે અને છેતરપિંડી અને અન્ય અનિયમિતતાઓને રોકવા અને શોધવા માટે કંપની અધિનિયમ, ૨૦૧૩ની જોગવાઈઓ અનુસાર પર્યાપ્ત હિસાબી રેકર્ડની જાળવણી માટે યોગ્ય અને પર્યાપ્ત કાળજી લીધી હતી;

d) ડિરેક્ટરોએ કંપની આર્થિક રીતે પર્યાપ્ત સ્થિર રહે તે ધોરણે વાર્ષિક હિસાબો તૈયાર કર્યા હતા; અને

e) ડિરેક્ટરોએ તમામ લાગુ પડતા કાયદાઓની જોગવાઈઓનું પાલન સુનિશ્ચિત કરવા માટે યોગ્ય પ્રણાલીઓ ઘડી કાઢી હતી અને આવી પ્રણાલીઓ પર્યાપ્ત અને અસરકારક રીતે કાર્યરત હતી.

**૨૬. રોકાણકારોના શિક્ષણ અને સંરક્ષણ ભંડોળમાં રકમનું ટ્રાન્સફર:**

તમારી કંપનીને રોકાણકાર શિક્ષણ અને સંરક્ષણ ભંડોળમાં કોઈપણ રકમ ટ્રાન્સફર કરવાની જરૂર નથી.

**૨૭. સ્વીકૃતિઓ:**

તમારા ડિરેક્ટરો ગુજરાત સરકાર, સમગ્ર શિક્ષા અભિયાન, કંપનીના રજિસ્ટ્રાર, ભારતના કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલ અને સ્ટેટ્યુટરી ઓડિટર્સ, બેંકર્સ, અધિકારીઓ અને કંપનીના સ્ટાફ દ્વારા મળેલ સહકાર માટે તેમની નિષ્ઠાપૂર્વક પ્રશંસા કરે છે. તેમના સહકાર અને  સમર્થન સતત મળતા રહે તેવી અપેક્ષા રાખે છે.

**ગુજરાત એજ્યુકેશન ટેક્નોલોજીસ લિમિટેડ(જીઈટી)ના**
**બોર્ડ ઓફ ડિરેક્ટર્સ વતી**

**સહી/-**
**મુકેશ કુમાર, IAS**
**અધ્યક્ષ અને ડિરેક્ટર**
**(DIN: 06811311)**

**તારીખ: ૨૨/૦૭/૨૦૨૫**
**સ્થળ: ગાંધીનગર**

# GET

## બોર્ડ અહેવાલ

## પરિશિષ્ટ અનુક્રમણિકા

| પરિશિષ્ટ | વિગત |
|---|---|
| A. | તા.૦૧/૦૪/૨૦૨૪ થી રિપોર્ટની તારીખ સુધી મુખ્ય વ્યવસ્થાપક કર્મચારી અને બોર્ડ ઓફ ડિરેક્ટર્સમાં થયેલ ફેરફારોની વિગતો |
| B. | ઊર્જા સંરક્ષણ, ટેક્નોલોજી સ્વીકાર અને વિદેશી વિનિમયથી થયેલ આવક અને જાવકની વિગતો |

# પરિશિષ્ટ - A

તા.૦૧/૦૪/૨૦૨૪ થી રિપોર્ટની તારીખ સુધી મુખ્ય વ્યવસ્થાપક કર્મચારી અને બોર્ડ ઓફ ડિરેક્ટર્સમાં થયેલ ફેરફારોની વિગતો:

| ક્રમ | ડિરેક્ટરના નામ | હોદ્દો | નિમણૂંકની તારીખ | સમાપ્તિની તારીખ |
|---|---|---|---|---|
| ૧. | ડૉ. વિનોદ રાવ, IAS | અધ્યક્ષ | ૦૯/૦૩/૨૦૨૧ | ૧૦/૦૯/૨૦૨૪ |
| ૨. | શ્રી મુકેશ કુમાર, IAS | અધ્યક્ષ | ૧૦/૦૯/૨૦૨૪ | Continue |
| ૩. | ડૉ. રતનકંવર ગઢવીચારણ, IAS | મેનેજિંગ ડિરેક્ટર | ૧૭/૦૭/૨૦૨૧ | ૧૦/૦૯/૨૦૨૪ |
| ૪. | શ્રી લલિત નારાયણ સિંહ સાંદુ, IAS | મેનેજિંગ ડિરેક્ટર | ૧૦/૦૯/૨૦૨૪ | ૧૫/૦૨/૨૦૨૫ |
| ૫. | શ્રી રંજીથકુમાર જે., IAS | મેનેજિંગ ડિરેક્ટર | ૧૫/૦૨/૨૦૨૫ | Continue |
| ૬. | શ્રીમતી અંકિતાબેન સંગાડા | ડિરેક્ટર | ૦૯/૦૩/૨૦૨૧ | Continue |
| ૭. | શ્રી મહેશકુમાર આઇ. જોષી | ડિરેક્ટર | ૧૬/૦૩/૨૦૨૧ | Continue |
| ૮. | શ્રી પી. કે. ત્રિવેદી | ડિરેક્ટર | ૧૫/૦૩/૨૦૨૪ | Continue |

# પરિશિષ્ટ - B

**કંપની અધિનિયમ, ૨૦૧૩ ની કલમ ૧૩૪(૩)(M) ની શરતો કંપની (હિસાબો) નિયમો, ૨૦૧૪ સાથે વંચાણે લેતાં ઊર્જા સંરક્ષણ, ટેક્નોલોજી સ્વીકાર અને વિદેશી વિનિમયથી થયેલ આવક અને જાવકની વિગતો દર્શાવતા ભાગ સાથે ડિરેક્ટરોનો અહેવાલ તૈયાર થાય છે :**

**(a) ઊર્જા સંરક્ષણ :**

| | | |
|---|---|---|
| (i) | લીધેલા પગલાં અથવા ઊર્જા સંરક્ષણ પર અસર | NIL |
| (ii) | ઊર્જાના વૈકલ્પિક સ્ત્રોતોનો ઉપયોગ કરવા માટે કંપની દ્વારા લેવામાં આવેલા પગલાં | |
| (iii) | ઊર્જા સંરક્ષણના સાધનો માટે કરાયેલ મૂડી રોકાણ | |

**(b) ટેક્નોલોજી સ્વીકાર :**

| | | |
|---|---|---|
| (i) | ટેક્નોલોજી સ્વીકાર તરફના પ્રયાસો | |
| (ii) | ઉત્પાદન સુધારણા, ખર્ચમાં ઘટાડો, ઉત્પાદન વિકાસ અથવા આયાત અવેજી જેવા લાભો | |
| (iii) | આયાતી ટેક્નોલોજીના કિસ્સામાં, ઉત્પાદન સુધારણા, ખર્ચમાં ઘટાડો, ઉત્પાદન વિકાસ અથવા આયાત અવેજી જેવા લાભો (નાણાંકીય વર્ષની શરૂઆતથી ગણવામાં આવતા છેલ્લા ત્રણ વર્ષમાં આયાત કરવામાં આવે) | |
| | (a) આયાત કરેલ ટેકનોલોજીની વિગતો | NIL |
| | (b) આયાતનું વર્ષ; | NIL |
| | (c) શું ટેક્નોલોજી સંપૂર્ણપણે સ્વીકારી લેવામાં આવી છે | NIL |
| | (d) જો સંપૂર્ણ રીતે સ્વીકારેલ ન હોય, તો એવા ક્ષેત્રો કે જ્યાં સ્વીકાર થયો નથી, અને તેના કારણો | NIL |
| (iv) | સંશોધન અને વિકાસ પર કરવામાં આવેલ ખર્ચ | - |

**(c) વિદેશી વિનિમયથી થયેલ આવક અને જાવક :**

| | | |
|---|---|---|
| (i) | વાસ્તવિક નાણાંપ્રવાહની દ્રષ્ટિએ વિદેશી વિનિમયથી વર્ષ દરમિયાન થયેલ આવક | NIL |
| (ii) | વાસ્તવિક નાણાંપ્રવાહની દ્રષ્ટિએ વિદેશી વિનિમયથી વર્ષ દરમિયાન થયેલ જાવક | NIL |

સ્પીડ પોસ્ટ દ્વારા

SUPREME AUDIT INSTITUTION OF INDIA
लोकहितार्थ सत्यनिष्ठा
Dedicated to Truth in Public Interest

**ક્રમાંક: ટેકનિકલ કોઓપરેશન સેલ/S-2/એકાઉન્ટ્સ/GETL/ 2024-25/OW No.90**

**પ્રિન્સિપલ એકાઉન્ટન્ટ જનરલ (ઓડિટ-૧)ની કચેરી,**
**ગુજરાત એનેક્સી બિલ્ડીંગ, રેસકોર્સ માર્ગ, પોસ્ટ બેગ નં. ૨૭, રાજકોટ - ૩૬૦૦૦૧**
**Tel: +912812446836-37, ફેક્સ: +91281-2476921**
**ઈ-મેલ: pagau1Gujarat@cag.gov.in**

**તારીખ: ૧૬/૦૯/૨૦૨૫**

**પ્રતિ,**

**મેનેજિંગ ડિરેક્ટર,**

**ગુજરાત એજ્યુકેશન ટેક્નોલોજીસ લિમિટેડ,**

**વિદ્યા સમીક્ષા કેન્દ્ર, સેક્ટર-૧૯**

**ગાંધીનગર - ૩૮૨૦૨૧**

**વિષય: ૩૧ માર્ચ ૨૦૨૫ ના રોજ પૂર્ણ થતા વર્ષ માટે ગુજરાત એજ્યુકેશન ટેક્નોલોજીસ લિમિટેડ, ગાંધીનગરના હિસાબોના સંદર્ભમાં કંપની અધિનિયમ, ૨૦૧૩ ની કલમ ૧૪૩ (૬) (b) હેઠળ 'સમીક્ષા કરેલ નથી પ્રમાણપત્ર' (Non-Review Certificate)**

સાહેબશ્રી,

**ગુજરાત એજ્યુકેશન ટેક્નોલોજીસ લિમિટેડ, ગાંધીનગરના** હિસાબોના સંદર્ભમાં ૩૧મી માર્ચ, ૨૦૨૫ના રોજ પૂરા થતા વર્ષ માટે સ્ટેચ્યુટરી ઓડિટર દ્વારા તૈયાર કરવામાં આવેલ અહેવાલ અને કંપનીના હિસાબોની ચકાસણી કરવામાં આવેલ. જેના 'આધારે સમીક્ષા કરેલ નથી પ્રમાણપત્ર' (Non-Review Certificate) આપવાનો આદેશ કરવામાં આવેલ છે.

હું, ૩૧મી માર્ચ, ૨૦૨૫ ના રોજ પૂર્ણ થતા વર્ષ માટે ગુજરાત એજ્યુકેશન ટેક્નોલોજીસ લિમિટેડ, ગાંધીનગરના હિસાબોના સંદર્ભમાં કંપની અધિનિયમ, ૨૦૧૩ ની કલમ ૧૪૩ (૬) (b) હેઠળ ભારતના કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલ તરફથી 'સમીક્ષા કરેલ નથી પ્રમાણપત્ર' (Non-Review Certificate) આ સાથે સામેલ રાખી મોકલી આપું છું.

**બિડાણ - ઉપર મુજબ**

**આપના વિશ્વાસુ,**

**સહી/-**

**ડેપ્યુટી એકાઉન્ટન્ટ જનરલ**

**(ઓડિટ મેનેજમેન્ટ ગ્રુપ-૧)**

**૩૧મી માર્ચ, ૨૦૨૫ના રોજ પૂર્ણ થતા નાણાંકીય વર્ષ માટે ગુજરાત એજ્યુકેશન ટેક્નોલોજીસ લિમિટેડના નાણાંકીય હિસાબો પર કંપની અધિનિયમ, ૨૦૧૩ ની કલમ ૧૪૩ (૬) (b) હેઠળ ભારતના કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલની ટિપ્પણીઓ**

કંપની અધિનિયમ, ૨૦૧૩ (અધિનિયમ) હેઠળ નિર્ધારિત નાણાંકીય રિપોર્ટિંગ ફ્રેમવર્ક અનુસાર ૩૧મી માર્ચ, ૨૦૨૫ના રોજ પૂરા થયેલા વર્ષ માટે **ગુજરાત એજ્યુકેશન ટેક્નોલોજીસ લિમિટેડ, ગાંધીનગરના** નાણાંકીય હિસાબો તૈયાર કરવાની જવાબદારી કંપનીના મેનેજમેન્ટની છે. કાયદાની કલમ ૧૩૯(૭) હેઠળ ભારતના કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલ દ્વારા નિયુક્ત કરાયેલ સ્ટેચ્યુટરી ઓડિટર, કલમ ૧૪૩ હેઠળ નિર્ધારિત ઓડિટના ધારાધોરણો અનુસાર સ્વતંત્ર ઓડિટના આધારે નાણાંકીય હિસાબો પર અધિનિયમની કલમ ૧૪૩(૧૦) હેઠળ અભિપ્રાય વ્યક્ત કરવા માટે જવાબદાર છે. જે તેમના દ્વારા ૨૨મી જુલાઇ, ૨૦૨૫ ના રોજ ઓડિટ રિપોર્ટ દ્વારા કરવામાં આવ્યું હોવાનું જણાવવામાં આવ્યું છે.

મેં, ભારતના કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલ વતી, કાયદાની કલમ ૧૪૩(૬)(a) હેઠળ ૩૧મી માર્ચ, ૨૦૨૫ના રોજ પૂર્ણ થયેલ વર્ષ માટે **ગુજરાત એજ્યુકેશન ટેક્નોલોજીસ લિમિટેડ, ગાંધીનગરના** નાણાંકીય હિસાબોનું પૂરક ઓડિટ હાથ ન ધરવાનો નિર્ણય લીધો છે.

**ભારતના કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલ માટે અને વતી**

**સહી/-**

**(અનુભવ કુમાર સિંહ)**

એકાઉન્ટન્ટ જનરલ(ઓડિટ-I)

ગુજરાત, રાજકોટ.

**સ્થળ: રાજકોટ**

**તારીખ : ૧૬/૦૯/૨૦૨૫**

Suresh R. Shah & Associates
Chartered Accountants

# સ્વતંત્ર ઓડીટ અહેવાલ

પ્રતિ,
સભ્યશ્રીઓ,
ગુજરાત એજ્યુકેશન ટેક્નોલોજીસ લિમિટેડ,

## નાણાંકીય હિસાબો પર અહેવાલ

અભિપ્રાય

અમે **ગુજરાત એજ્યુકેશન ટેક્નોલોજીસ લિમિટેડ** ('કંપની') ના નાણાંકીય હિસાબોનું ઑડિટ કર્યું છે, જેમાં ૩૧મી માર્ચ, ૨૦૨૫નું સરવૈયું પૂર્ણ થયેલ વર્ષ માટેના નફા અને નુકસાનના વિવરણ અને નોંધપાત્ર હિસાબી નીતિઓ અને અન્ય સમજૂતી આપતી માહિતીના સારાંશનો સમાવેશ થાય છે. (અહીં હવે પછી "નાણાંકીય વિવરણ" તરીકે ઉલ્લેખિત કરીશું).

અમારા મતે અને અમારી શ્રેષ્ઠ માહિતી મુજબ અને અમને આપેલા ખુલાસા મુજબ, ઉપરોક્ત નાણાંકીય વિવરણ કંપની અધિનિયમ, ૨૦૧૩ અને તેમાં થયેલ સુધારાઓ મુજબ ૩૧મી માર્ચ, ૨૦૨૫ સુધીની કંપનીની સ્થિતિના હિસાબી ધારાધોરણો સહિત ભારતમાં સામાન્ય રીતે સ્વીકૃત હિસાબી સિદ્ધાંતો અને ન્યાયી દૃષ્ટિકોણ સાથે સુસંગત અને તે તારીખે પૂરા થયેલા વર્ષ માટે તેની ખોટ (નાણાંકીય પ્રદર્શન) સહિત જરૂરી અને સાચી માહિતી આપે છે.

### અભિપ્રાય માટેના આધાર :

અમે કંપની અધિનિયમ, ૨૦૧૩ ની કલમ ૧૪૩(૧૦) અનુસાર ઓડિટના ધારાધોરણો (Sas) અનુસાર અમારું ઓડિટ હાથ ધર્યું છે. તે ધારાધોરણો હેઠળની અમારી જવાબદારીઓ નાણાંકીય વિવરણના વિભાગના અમારા ઑડિટ માટે ઑડિટરની જવાબદારીઓમાં વધુ વર્ણવવામાં આવી છે. આ અહેવાલ અંતર્ગત અમે કંપની અધિનિયમ, ૨૦૧૩ અને તેના નિયમોની જોગવાઈઓ અનુસાર નાણાંકીય વિવરણના અમારા ઓડિટ માટે સંબંધિત નૈતિક આવશ્યકતાઓ સાથે ઈન્સ્ટિટ્યૂટ ઑફ ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ્સ ઑફ ઈન્ડિયા દ્વારા રજૂ કરાયેલ નીતિશાસ્ત્રની સંહિતા અનુસાર કંપનીથી સ્વતંત્ર છીએ. તે હેઠળ, અમે આ આવશ્યકતાઓ અને નીતિશાસ્ત્ર સંહિતા અનુસાર અમારી અન્ય નૈતિક જવાબદારીઓ પૂરી કરી છે. અમે માનીએ છીએ કે અમે જે ઓડિટ માટેના પુરાવા મેળવ્યા છે તે નાણાંકીય વિવરણ પર અમારા અભિપ્રાય આપવા માટે જરૂરી આધાર પૂરા પાડવા માટે પર્યાપ્ત અને યોગ્ય છે.

### ઓડિટની મુખ્ય બાબતો:

મુખ્ય ઓડિટ બાબતો તે બાબતો છે જે, અમારા વ્યાવસાયિક નિર્ણયમાં, વર્તમાન સમયગાળાના નાણાંકીય વિવરણના અમારા ઓડિટમાં સૌથી વધુ મહત્વ ધરાવે છે. નાણાંકીય વિવરણના સંદર્ભમાં અમારા રિપોર્ટમાં જણાવવી જરુરી હોય તેવી કોઈ મુખ્ય ઑડિટ બાબત નથી.

### નાણાંકીય હિસાબો માટે મેનેજમેન્ટ અથવા જેમને ગવર્નન્સનો ચાર્જ છે તેમની જવાબદારી:

કંપનીના બોર્ડ ઓફ ડિરેક્ટર્સ કંપની અધિનિયમ, ૨૦૧૩ ("અધિનિયમ")ની કલમ ૧૩૪ (૫) માં આ નાણાંકીય હિસાબો તૈયાર કરવાના સંદર્ભમાં એવી બાબતો માટે જવાબદાર છે જે નાણાંકીય સ્થિતિ અને નાણાંકીય સ્થિતિનો સાચો અને ન્યાયી દૃષ્ટિકોણ આપે છે. કંપની (હિસાબો નિયમો, ૨૦૧૪ ના નિયમ ૭ સાથે અધિનિયમની કલમ ૧૩૩ હેઠળ નિર્દિષ્ટ હિસાબી ધારાધોરણો સહિત, ભારતમાં સામાન્ય રીતે સ્વીકૃત હિસાબી સિદ્ધાંતો અનુસાર કંપનીનું પ્રદર્શન અને નાણાં પ્રવાહ જાળવણીનો પણ આ જવાબદારીમાં સમાવેશ થાય છે.

કંપનીની અસ્કયામતોની સુરક્ષા માટે અને છેતરપિંડી અને અન્ય અનિયમિતતાઓને રોકવા અને શોધવા માટે કાયદાકીય જોગવાઈ અનુસાર પર્યાપ્ત હિસાબી રેકર્ડ; યોગ્ય હિસાબી નીતિઓની પસંદગી અને અમલીકરણ; ચુકાદાઓ અને અંદાજો બનાવવા જે વાજબી અને સમજદારીપૂર્વકના હોય; અને આંતરિક નાણાંકીય નિયંત્રણની રચના, અમલીકરણ અને જાળવણી, જે હિસાબી રેકર્ડની ચોકસાઈ અને સંપૂર્ણતાને સુનિશ્ચિત કરવા માટે અસરકારક રીતે કાર્ય કરે છે, જે નાણાંકીય હિસાબો તૈયાર કરીને તેના પ્રેઝન્ટેશન સાથે સંબંધિત છે, જે સાચા અને ન્યાયપૂર્ણ દૃષ્ટિકોણ આપે છે અને છેતરપિંડી કે ભૂલથી પણ હિસાબો ત્રુટિઓથી મુક્ત છે.

નાણાંકીય વિવરણ તૈયાર કરતી વખતે, મેનેજમેન્ટ કંપનીની ચાલુ બાબતો નિભાવવાની ક્ષમતાનું મૂલ્યાંકન કરવા અને તેના હિસાબોના આધારનો ઉપયોગ કરતી બાબતોને જાહેર કરવા માટે જવાબદાર છે, જ્યાં સુધી મેનેજમેન્ટ કંપનીને ફડચામાં લઈ જવા અથવા બંધ કરવાનો ઈરાદો ન ધરાવતું હોય ત્યાં સુધી, ઓપરેશન્સ, અથવા આમ કરવા માટેનો કોઈ વાસ્તવિક વિકલ્પ નથી.

તે બોર્ડ ઓફ ડિરેક્ટર્સ કંપનીની નાણાંકીય અહેવાલ પ્રક્રિયાની દેખરેખ માટે પણ જવાબદાર છે.

**નાણાંકીય વિવરણના ઑડિટ માટે ઑડિટરની જવાબદારીઓ:**

અમારા ઉદ્દેશ્યો છેતરપિંડી અથવા ભૂલને કારણે, નાણાંકીય વિવરણ ભૌતિક ખોટા વિવરણથી મુક્ત છે કે કેમ તે અંગે વાજબી ખાતરી મેળવવાનો છે, અને ઓડિટરનો અહેવાલ જારી કરવો કે જેમાં અમારા અભિપ્રાયનો સમાવેશ થાય છે. વાજબી ખાતરી એ ઉચ્ચ સ્તરની ખાતરી છે પરંતુ તે ગેરેંટી નથી કે SAs અનુસાર હાથ ધરવામાં આવેલ ઓડિટ હંમેશા ભૌતિક ખોટા વિવરણ, જો કોઈ હોય તો શોધી જ કાઢશે. ખોટા વિવરણ છેતરપિંડી અથવા ભૂલથી ઉદ્દભવી શકે છે અને જો વ્યક્તિગત રીતે અથવા એકંદરે, તેઓ આ નાણાંકીય વિવરણના આધારે લેવામાં આવેલા વપરાશકર્તાઓના આર્થિક નિર્ણયોને પ્રભાવિત કરવાની વ્યાજબી રીતે અપેક્ષા રાખી શકે તો તેને ભૌતિક રીતે ખોટા વિવરણ ગણવામાં આવે છે.

SAs અનુસાર ઑડિટના ભાગ રૂપે, અમે વ્યાવસાયિક નિર્ણયો કરીએ છીએ અને સમગ્ર ઑડિટ દરમિયાન વ્યવસાયિક સંશય જાળવીએ છીએ. વધુમાં અમે:

- નાણાંકીય વિવરણના ભૌતિક રીતે ખોટા વિવરણ હોવાના જોખમોને ઓળખીને તેનું મૂલ્યાંકન કર્યું, પછી ભલે તે છેતરપિંડી અથવા ભૂલને કારણે હોય, ડિઝાઈન અને તે જોખમોને પ્રતિભાવ આપતી ઓડિટ પ્રક્રિયાઓ પણ કરી અને અમારા અભિપ્રાય માટે આધાર પૂરો પાડવા માટે પૂરતા અને યોગ્ય ઓડિટ પુરાવાઓ મેળવ્યા. છેતરપિંડીથી પરિણમેલ ભૌતિક ખોટા વિવરણને શોધી ન શકવાનું જોખમ ભૂલના પરિણામે બનેલા ભૌતિક ખોટા વિવરણ કરતાં વધુ છે, કારણ કે છેતરપિંડીમાં મિલીભગત, બનાવટ, ઈરાદાપૂર્વકની અવગણના, ખોટી રજૂઆત અથવા આંતરિક નિયંત્રણના પ્રતિક્રમણ સામેલ હોઈ શકે છે,

- સંજોગોમાં યોગ્ય હોય તેવી ઑડિટ પ્રક્રિયાઓ ડિઝાઈન કરવા માટે ઑડિટ સાથે સંબંધિત આંતરિક નિયંત્રણોની સમજ મેળવી. કંપની અધિનિયમ,૨૦૧૩ની કલમ ૧૪૩(૩)(i) હેઠળ, કંપની પાસે પર્યાપ્ત આંતરિક નાણાંકીય નિયંત્રણ પ્રણાલી છે કે કેમ અને આવા નિયંત્રણોની કાર્યકારી અસરકારકતા પર અમારો અભિપ્રાય વ્યક્ત કરવા માટે પણ અમે જવાબદાર છીએ.

- ઉપયોગમાં લેવાયેલી હિસાબી નીતિઓની યોગ્યતા અને હિસાબી અંદાજોનું વ્યાજબીપણું અને મેનેજમેન્ટ દ્વારા કરવામાં આવેલ સંબંધિત જાહેરાતોનું મૂલ્યાંકન કર્યું.

- હિસાબોની હાલની સ્થિતિના આધારે મેનેજમેન્ટના ઉપયોગની યોગ્યતા પર નિષ્કર્ષ કાઢ્યો અને, મેળવેલા ઓડિટ પુરાવાના આધારે, ઘટનાઓ અથવા પરિસ્થિતિઓને લગતી ભૌતિક ખોટા વિવરણની અનિશ્ચિતતા અસ્તિત્વમાં છે કે કેમ જે કંપનીની ચાલુ બાબતો પર કામગીરી ચાલુ રાખવાની ક્ષમતા પર નોંધપાત્ર શંકા પેદા કરી શકે છે. જો આપણે નિષ્કર્ષ પર આવીએ છીએ કે ભૌતિક ખોટા વિવરણની અનિશ્ચિતતા અસ્તિત્વમાં છે, તો અમારે અમારા ઓડિટરના રિપોર્ટમાં નાણાંકીય વિવરણમાં સંબંધિત જાહેરાતો તરફ ધ્યાન દોરવાની જરૂર છે અથવા, જો આવી જાહેરાતો અપૂરતી હોય તો, અમારા અભિપ્રાયને સુધારવા માટે. અમારા તારણો અમારા ઓડિટરના રિપોર્ટની તારીખ સુધી મેળવેલા ઓડિટ પુરાવા પર આધારિત છે. જો કે, ભવિષ્યની ઘટનાઓ અથવા પરિસ્થિતિઓ કંપનીની ચાલુ બાબતોમાં પ્રગતિને બંધ કરી શકે છે.

- જાહેરાતો સહિત નાણાંકીય વિવરણની એકંદર પ્રસ્તુતિ, માળખું અને વિગતો તેમજ નાણાંકીય વિવરણ અંતર્ગત વ્યવહારો અને ઘટનાઓને વાજબી પ્રસ્તુતિ પ્રાપ્ત થાય તે રીતે રજૂ કરે છે કે કેમ તેનું મૂલ્યાંકન કર્યું,

અમે અન્ય બાબતોની સાથે, ઓડિટમાં સમાવિષ્ટ બાબતો, સમય અને મહત્વપૂર્ણ ઓડિટ તારણો, આંતરિક નિયંત્રણમાં કોઈપણ નોંધપાત્ર ખામીઓ સહિત જે અમે અમારા ઓડિટ દરમિયાન ઓળખીએ છીએ તે બાબતે, ગવર્નન્સનો હવાલો ધરાવતા લોકો સાથે અમે વાતચીત કરીએ છીએ.

અમે સ્વતંત્રતા સંબંધિત સંબંધિત નૈતિક આવશ્યકતાઓનું પાલન કર્યું છે, અને અમારી સ્વતંત્રતા અને જ્યાં લાગુ પડતું હોય ત્યાં સંબંધિત સલામતી પર વાજબી રીતે વિચારી શકાય તેવા તમામ સંબંધો અને અન્ય બાબતો સાથે વાતચીત કરવા માટે અમે ગવર્નન્સનો હવાલો ધરાવતા લોકોને એક વિવરણ પણ પૂરું પાડીએ છીએ.

ગવર્નન્સનો હવાલો ધરાવતા લોકો સાથે વાતચીત દરમિયાન ઓડિટ કરવામાં આવેલી બાબતોમાંથી, અમે તે બાબતો નક્કી કરીએ છીએ જે વર્તમાન સમયગાળાના નાણાંકીય વિવરણના ઑડિટમાં સૌથી વધુ મહત્ત્વની હતી અને તેથી તે મુખ્ય ઑડિટ બાબતો છે. અમે અમારા ઓડિટરના અહેવાલમાં આ બાબતોનું વર્ણન કરીએ છીએ સિવાય કે કાયદો અથવા નિયમન આ બાબત વિશે જાહેરમાં જાહેરનામું કરતા અટકાવતું નથી અથવા જ્યારે, અત્યંત દુર્લભ સંજોગોમાં, અમે નિર્ધારિત કરીએ છીએ કે કોઈ બાબતને જાહેર હિતના લાભ માટે અમારા અહેવાલમાં જણાવવામાં આવવી જોઈએ નહીં કારણ કે આમ કરવાથી પ્રતિકૂળ પરિણામો હોઇ શકે.

**અન્ય કાનૂની અને નિયમનકારી આવશ્યકતાઓ પર અહેવાલ:**

૧. ભારત સરકાર દ્વારા જારી કરાયેલ કંપનીઝ (ઓડિટરનો રિપોર્ટ) ઓર્ડર, ૨૦૨૦ ("ઓર્ડર") ની કલમ ૧૪૩ (૧૧)ની જોગવાઇ મુજબ, ફકરા ૩ અને ૪ માં ઉલ્લેખિત બાબતો પરનું વિવરણ લાગુ પડતું નથી.

૨. કંપની અધિનિયમ, ૨૦૧૩ ની કલમ ૧૪૩ (૫) ની શરતોમાં, અમે ભારતના કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલ દ્વારા ઉપરોક્ત વિભાગ હેઠળ જારી કરાયેલા મુખ્ય દિશાનિર્દેશો અને પેટા દિશાનિર્દેશો પર પરિશિષ્ટ 'A' વિવરણ આપીએ છીએ.

૩. અધિનિયમની કલમ ૧૪૩(૩) દ્વારા આવશ્યકતા મુજબ, અમે જાણ કરીએ છીએ કે:

a) અમે ઉપરોક્ત નાણાંકીય વિવરણના અમારા ઓડિટના હેતુઓ માટે અમારી શ્રેષ્ઠ જાણકારી અને માન્યતા મુજબ જરૂરી હતી તેવી તમામ માહિતી અને સ્પષ્ટતાઓ માંગી અને મેળવી છે.

b) અમારા મતે, ઉપરોક્ત નાણાંકીય વિવરણ તૈયાર કરવા સંબંધિત કાયદા દ્વારા જરૂરી એકાઉન્ટની યોગ્ય બુક્સ કંપની દ્વારા રાખવામાં આવી છે, કારણ કે તે બુક્સની અમારી તપાસ પરથી જણાય છે.

c) સરવૈયું અને આ અહેવાલ દ્વારા વ્યવહાર કરવામાં આવેલ નફા અને નુકસાનનું વિવરણ નાણાંકીય વિવરણના હેતુ માટે જાળવવામાં આવેલા ખાતાના સંબંધિત બુક્સ સાથે સંમત છે.

d) અમારા મતે, કંપની દ્વારા કાયદાકીય રીતે જરૂરી હિસાબી બુક્સ રાખવામાં આવી છે, કારણ કે તે બુક્સની અમારી તપાસ પરથી જણાય છે.

e) કંપની સરકારી કંપની છે, કંપની અધિનિયમ, ૨૦૧૩ની કલમ ૧૬૪ ની પેટા કલમ ૨ ની જોગવાઈઓ કોર્પોરેટ બાબતોના મંત્રાલયની પાંચમી જૂન, ૨૦૧૫ના જાહેરનામા ક્રમાંક જી.એસ.આર.૪૬૩ (ઈ) મુજબ લાગુ પડતી નથી.

f) કોર્પોરેટ બાબતોના મંત્રાલય (MCA)ની સૂચના મુજબ, ૧લી એપ્રિલ, ૨૦૨૪ થી શરૂ થતા નાણાંકીય વર્ષ માટે કંપનીઝ (એકાઉન્ટ્સ) નિયમો, ૨૦૧૪ ના નિયમ ૩ (૧) ની જોગવાઈ મુજબ, દરેક કંપની જે તેની બુક્સ નિભાવવા માટે એકાઉન્ટિંગ સોફ્ટવેરનો ઉપયોગ કરે છે. એકાઉન્ટ, ફક્ત આવા એકાઉન્ટિંગ સોફ્ટવેરનો ઉપયોગ કરશે જેમાં દરેક વ્યવહારના ઓડિટ ટ્રેલને રેકોર્ડ કરવાની સુવિધા હોય, એક એડિટ લોગ બનાવવો એકાઉન્ટ બુકમાં કરવામાં આવેલ દરેક ફેરફારની તારીખ સાથે જ્યારે આવા ફેરફારો કરવામાં આવ્યા હતા અને ઓડિટ ટ્રેલને ડિસેબલ ન કરી શકાય તેની ખાતરી કરવી.

અમારા દ્વારા કરાયેલ મૂલ્યાંકનના આધારે, જેમાં અમારા દ્વારા કંપની દ્વારા કરવામાં આવેલ ટેસ્ટ ચેકનો સમાવેશ થાય છે, ૩૧મી માર્ચ, ૨૦૨૫ ના રોજ પૂરા થયેલા નાણાંકીય વર્ષ માટે એકાઉન્ટિંગ સોફ્ટવેરનો ઉપયોગ તેમના સંબંધિત હિસાબી બુક્સને નિભાવવા માટે કર્યો છે જેમાં રેકોર્ડિંગ ઓડિટ ટ્રેઇલ (એડિટ લોગ)ની સુવિધા છે અને નીચેના સિવાયના સોફ્ટવેરમાં નોંધાયેલા તમામ સંબંધિત વ્યવહારો માટે તે આખા વર્ષ દરમિયાન કાર્યરત છે:

(i) સામાન્ય ખાતાવહી અને એકત્રીકરણ પ્રક્રિયાને લગતા ખાતાઓની બુક્સને નિભાવવા માટે ઉપયોગમાં લેવાતા એકાઉન્ટિંગ સૉફ્ટવેર માટે કોઈપણ સીધા ડેટા ફેરફારોને લૉગ કરવા માટે ડેટાબેઝ સ્તર પર રેકોર્ડિંગ ઑડિટ ટ્રેઈલની સુવિધા એનેબલ (enable) કરવામાં આવી ન હતી.

(ii) સામાન્ય ખાતાવહીને લગતા હિસાબોની બુક્સ નિભાવવા માટે ઉપયોગમાં લેવાતા એકાઉન્ટિંગ સોફ્ટવેર માટે વિશેષાધિકાર ઍક્સેસ અધિકારો ધરાવતા યુઝર્સ દ્વારા કરવામાં આવેલા અમુક ફેરફારો માટે ઓડિટ ટ્રેલ એનેબલ (enable) કરવામાં આવ્યું ન હતું.

વધુમાં, સંબંધિત એકાઉન્ટિંગ સૉફ્ટવેર માટે ઓડિટ ટ્રેઇલ (એડિટ લોગ) સુવિધા એનેબલ (enable) અને સંચાલિત કરવામાં આવી હતી તે સમયગાળા માટે, અમને ઓડિટ ટ્રેઇલની સુવિધા સાથે ચેડાં થયાનો કોઈ દાખલો મળ્યો નથી.

કંપનીઝ (એકાઉન્ટ્સ) નિયમો, ૨૦૧૪ના નિયમ ૩ (૧) ની જોગવાઈ મુજબ ૧લી એપ્રિલ, ૨૦૨૩થી લાગુ થાય છે, કંપનીઝ (ઓડિટ અને ઓડિટર્સ) નિયમો, ૨૦૧૪ના નિયમ ૧૧ (જી) હેઠળ અહેવાલ આપે છે. રેકોર્ડ રીટેન્શન માટેની વૈધાનિક આવશ્યકતાઓ ૩૧મી માર્ચ, ૨૦૨૫માં પૂરા થયેલા નાણાંકીય વર્ષ માટે લાગુ પડતી નથી.

g) કંપનીના નાણાંકીય રિપોર્ટિંગ પર આંતરિક નાણાંકીય નિયંત્રણોની પર્યાપ્તતા અને આવા નિયંત્રણોની કાર્યકારી અસરકારકતાના સંદર્ભમાં થયેલ જોગવાઇ લાગુ પડતી નથી;

h) કંપની સરકારી કંપની છે, કંપની અધિનિયમ, ૨૦૧૩ ની કલમ ૧૯૭ ની પેટા કલમ ૧૬ની જોગવાઈઓ કોર્પોરેટ બાબતોના મંત્રાલયની પાચમી જૂન, ૨૦૧૫ ના નોટિફિકેશન નં.જી.એસ.આર.૪૬૩ (ઈ) મુજબ લાગુ પડતી નથી.

i) કંપનીઝ (ઓડિટ અને ઓડિટર્સ) નિયમો, ૨૦૧૪ ના નિયમ ૧૧ અનુસાર ઑડિટરના અહેવાલમાં સમાવિષ્ટ અન્ય બાબતોના સંદર્ભમાં, અમારા મતે અને અમારી શ્રેષ્ઠ જાણ અને માન્યતા મુજબ અને માહિતી અનુસાર અને અમને આપવામાં આવેલ સમજૂતીઓ:

૧. ૩૧મી માર્ચ, ૨૦૨૫ ના સરવૈયા મુજબ કંપની પાસે કોઈ પેન્ડિંગ દાવાઓ નથી.

૨. કંપનીએ લાગુ કાયદા અથવા ભારતીય એકાઉન્ટિંગ સ્ટાન્ડર્ડ્સ હેઠળ આવશ્યકતા મુજબ, વ્યુત્પન્ન કરારો સહિત લાંબા ગાળાના કરારો પર, જો કોઈ નુકસાન સંભવિત હોય તો તેના માટે જોગવાઈ કરી છે.

૩. કંપની દ્વારા ઈન્વેસ્ટર એજ્યુકેશન એન્ડ પ્રોટેક્શન ફંડમાં ટ્રાન્સફર કરવાની જરૂરી રકમ ટ્રાન્સફર કરવામાં કોઈ વિલંબ થયો નથી.

૪. (a) મેનેજમેન્ટે રજૂ કર્યું છે કે, તેની શ્રેષ્ઠ જાણકારી અને માન્યતા મુજબ, ખાતાઓની નોંધમાં જણાવ્યા સિવાય કોઈ ફંડ એડવાન્સ્ડ કે લોન આપવામાં આવ્યું નથી અથવા રોકાણ કરવામાં આવ્યું નથી (ઉધાર લીધેલા ફંડ્સ અથવા શેર પ્રીમિયમ અથવા અન્ય કોઈપણ સ્ત્રોતો અથવા પ્રકારના ભંડોળમાંથી) કંપની દ્વારા વિદેશી સંસ્થાઓ ("મધ્યસ્થી") સહિત અન્ય કોઈપણ વ્યક્તિઓ અથવા સંસ્થાઓને અથવા તેમાં, સમજણ સાથે, પછી ભલે તે લેખિતમાં નોંધાયેલ હોય કે ન હોય, કે મધ્યસ્થીએ,

- કંપની ("અંતિમ લાભાર્થીઓ") દ્વારા અથવા તેના વતી કોઈપણ રીતે ઓળખાયેલી અન્ય વ્યક્તિઓ અથવા સંસ્થાઓમાં પ્રત્યક્ષ અથવા પરોક્ષ રીતે ધિરાણ અથવા રોકાણ કરશે અથવા

- અંતિમ લાભાર્થીઓને અથવા તેના વતી કોઈપણ ગેરંટી, સુરક્ષા અથવા તેના જેવા પ્રદાન કરશે.

(b) મેનેજમેન્ટે રજૂ કર્યું છે કે, તેની શ્રેષ્ઠ જાણકારી અને માન્યતા મુજબ, એકાઉન્ટમાં નોંધમાં જણાવ્યા સિવાયના અન્ય કોઈ ફંડ્સ કંપની દ્વારા વિદેશી સંસ્થાઓ ("ફંડિંગ પાર્ટીઝ") સહિત કોઈપણ વ્યક્તિઓ અથવા સંસ્થાઓ પાસેથી પ્રાપ્ત થયા છે. સમજણ સાથે, પછી ભલે તે લેખિતમાં નોંધાયેલ હોય કે ન હોય, કે કંપની,

- ફંડિંગ પાર્ટી ("અંતિમ લાભાર્થીઓ") દ્વારા અથવા તેના વતી કોઈપણ રીતે ઓળખાયેલી અન્ય વ્યક્તિઓ અથવા સંસ્થાઓમાં પ્રત્યક્ષ અથવા પરોક્ષ રીતે ધિરાણ અથવા રોકાણ કરશે અથવા
- અંતિમ લાભાર્થીઓ તરફથી અથવા તેના વતી કોઈપણ ગેરેંટી, સુરક્ષા અથવા તેના જેવા પ્રદાન કરશે: અને

(c) વાજબી અને સંજોગોમાં યોગ્ય ગણાતી આવી ઓડિટ પ્રક્રિયાઓના આધારે, અમારા ધ્યાન પર એવું કંઈ આવ્યું નથી કે જેનાથી અમને એવું માનવાનું કારણ બન્યું હોય કે ઉપરોક્ત પેટા કલમ (a) અને (b) હેઠળની રજૂઆતોમાં કોઈ પણ પ્રકારની વિગત ખોટી છે.

૫. કંપનીએ વર્ષ દરમિયાન કોઈ ડિવિડન્ડ જાહેર કર્યું નથી અથવા ચૂકવ્યું નથી અને વર્ષ માટે અંતિમ ડિવિડન્ડની દરખાસ્ત કરી નથી

**વતી, સુરેશ આર શાહ એન્ડ એસોસિએટ્સ**

**ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ્સ**

**[FRN: 110691W]**

**સહી/-**

**મૃગેન કે શાહ**

**પાર્ટનર**

**સભ્યપદ નં.: 117412**

**UDIN :24117412BKAHZG8411**

**સ્થળ : અમદાવાદ**

**તારીખ : ૨૨/૦૭/૨૦૨૫**

## ગુજરાત એજ્યુકેશન ટેક્નોલોજીસ લિમિટેડના સ્વતંત્ર ઓડિટર્સ રિપોર્ટનું

## “પરિશિષ્ટ -A”

**પ્રતિ,**

**સભ્યશ્રીઓ,**

**ગુજરાત એજ્યુકેશન ટેક્નોલોજીસ લિમિટેડ**

**ગુજરાત એજ્યુકેશન ટેક્નોલોજીસ લિમિટેડ** ("કંપની") ના નાણાંકીય વિવરણ પરના અમારા સ્વતંત્ર ઓડિટરના અહેવાલને અનુલક્ષીને, અમે વર્ષ ૨૦૨૪-૨૫ માટે લાગુ પડતા કંપની અધિનિયમ, ૨૦૧૩ ના ૧૪૩ (૫) હેઠળના દિશાનિર્દેશો અને પેટા-નિર્દેશો પર અહેવાલ આપ્યો છે, જે નીચે મુજબ છે:

**ભાગ-૧**

નાણાંકીય વર્ષ ૨૦૨૪-૨૫ માટે કંપની એક્ટ, ૨૦૧૩ ની કલમ ૧૪૩ (૫) હેઠળ અહેવાલ

**(૧) મુખ્ય દિશાનિર્દેશો :**

| ક્રમ | દિશાનિર્દેશો | ટિપ્પણીઓ |
|---|---|---|
| ૧. | શું કંપની પાસે ઈન્ફોર્મેશન ટેક્નોલોજી સિસ્ટમ દ્વારા તમામ એકાઉન્ટિંગ વ્યવહારો પર પ્રક્રિયા કરવા માટે સિસ્ટમ છે? જો હા, તો ખાતાઓની અખંડિતતા પર આઈ.ટી. સિસ્ટમની બહારના હિસાબી વ્યવહારોની પ્રક્રિયાની અસરો અને નાણાંકીય અસરો, જો કોઈ હોય તો, જણાવવામાં આવી શકે છે. | હા. તમામ હિસાબી વ્યવહારો ઈન્ફોર્મેશન ટેકનોલોજી સિસ્ટમ દ્વારા પ્રક્રિયા કરવામાં આવે છે. તેથી, એકાઉન્ટ્સની અખંડિતતા પર કોઈ નાણાંકીય અસર થઈ નથી. |
| ૨. | શું હાલની લોનમાં કોઈ પુનરચના છે કે લોનની ચૂકવણી કરવામાં કંપનીની અસમર્થતાને કારણે ધિરાણકર્તા દ્વારા કંપનીને કરાયેલ દેવા/લોન/વ્યાજ વગેરે માફી/રાઈટ ઓફના કિસ્સા છે? જો હા, તો નાણાંકીય અસર જણાવવી. શું આવા કિસ્સાઓમાં યોગ્ય રીતે ગણતરી કરવામાં આવે છે? | કંપનીએ કોઈ લોન લીધી નથી તેથી લાગુ પડતું નથી. |
| ૩. | શું ભંડોળ (અનુદાન/સબસિડી વગેરે) કેન્દ્ર/રાજ્ય સરકાર અથવા તેની એજન્સીઓ તરફથી ચોક્કસ યોજનાઓ માટે પ્રાપ્ત/પ્રાપ્ત કરવા યોગ્ય છે કે તેના નિયમો અને શરતો અનુસાર યોગ્ય રીતે હિસાબ/ઉપયોગ કરવામાં આવ્યો હતો? વધઘટના કિસ્સાઓની યાદી બનાવો. | કંપનીને ગુજરાત સરકાર તરફથી ગ્રાન્ટ પ્રાપ્ત થઈ છે, અને તેનો હિસાબ/ઉપયોગ તેની તેના નિયમો અને શરતો અનુસાર કરવામાં આવે છે. ઓડિટ દરમિયાન, અમને કોઈ વધઘટનો કિસ્સો જોવા મળ્યો નથી. |

## (૨) પેટા દિશાનિર્દેશો :

### (A) જમીન ધારકો

| ક્રમ | દિશાનિર્દેશો | ટિપ્પણીઓ |
|---|---|---|
| A. સ્થાયી સંપત્તિ તરીકે જમીનની માલિકી | | |
| ૧. | શું કંપની/કોર્પોરેશનના કબજામાં રહેલી જમીન માટે યોગ્ય રેકર્ડ રાખવામાં આવે છે અને તે માત્રાત્મક વિગતો અને તેના સ્થાનની સંપૂર્ણ વિગતો આપે છે? | કંપની પાસે કોઈ જમીન ન હોવાથી તે લાગુ પડતું નથી. |
| ૨. | શું કંપની પાસે તેના કબજામાં સંપૂર્ણ સ્પષ્ટ ટાઇટલ સાથેની જમીન છે અને મેનેજમેન્ટ પાસે તેના યોગ્ય દસ્તાવેજી પુરાવા ઉપલબ્ધ છે? | કંપની પાસે કોઈ જમીન ન હોવાથી તે લાગુ પડતું નથી. |
| ૩. | શું ભાડે લીધેલી જમીન અલગથી બતાવવામાં આવી છે? શું રિપોર્ટિંગ સમયગાળાની શરૂઆતમાં અને અંતે કુલ અને ચોખ્ખી વહન રકમમાંથી ઉમેરાઓ અને નિકાલની વિગતો સાથે સમાધાન કરવામાં આવ્યું છે, જો કોઈ હોય તો? | કંપની પાસે કોઈ જમીન ન હોવાથી તે લાગુ પડતું નથી. |
| ૪. | જો પુન:મૂલ્યાંકિત રકમને ઐતિહાસિક ખર્ચ માટે અવેજી કરવામાં આવે છે, તો શું જાહેરાતમાં પુન:મૂલ્યાંકિત રકમની ગણતરી કરવા માટે અપનાવવામાં આવેલી પદ્ધતિનો સમાવેશ થાય છે, પ્રકૃતિ અને સૂચકાંકો, પુન:મૂલ્યાંકનનું વર્ષ અને શું બાહ્ય મૂલ્ય સામેલ હતું તે જણાવો. | કંપની પાસે કોઈ જમીન ન હોવાથી તે લાગુ પડતું નથી. |
| ૫. | શું નજીવી અથવા શૂન્ય કિંમતે દર્શાવવામાં આવેલી જમીન વિશેની જાહેરાતો સંપૂર્ણ અને પર્યાપ્ત છે? | કંપની પાસે કોઈ જમીન ન હોવાથી તે લાગુ પડતું નથી. |
| ૬. | શું આખી જમીનનો ઉપયોગ કરવામાં આવી રહ્યો છે? જો નહીં, તો શું મેનેજમેન્ટ પાસે બાકી રહેલી જમીનનો ઉપયોગ કરવા માટે કોઈ યોજના છે? | કંપની પાસે કોઈ જમીન ન હોવાથી તે લાગુ પડતું નથી. |
| ૭. | શું મેનેજમેન્ટે તેમની જરૂરિયાત મુજબ જમીનનો કોઈ હિસ્સો સરપ્લસ જાહેર કર્યો છે? જો હા. તો આગળ શું કાર્યવાહી શરૂ કરવામાં આવી છે? | કંપની પાસે કોઈ જમીન ન હોવાથી તે લાગુ પડતું નથી. |
| B. 'વેપારમાં સ્ટોક' તરીકે જમીનની માલિકી | | |
| ૮. | વાર્ષિક ભૌતિક ચકાસણી મુજબ ભૌતિક કબજા સાથે 'વેપારમાં સ્ટોક' તરીકે સંપાદિત કરવામાં આવેલી જમીનની ઇન્વેન્ટરી મેચ થાય છે કે કેમ? શું વિસંગતતાઓનું યોગ્ય રીતે સમાધાન થાય છે? | કંપની પાસે કોઈ જમીન ન હોવાથી તે લાગુ પડતું નથી. |
